હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

ન કરે નારાયણને... ક્યારેક કોઈ રાજ્યમાં આપણે હારવું હશેને તો ફાંફા પડી જવાના છે... જોજે...

એલસીબીની ટીમે કલોલના જામળા ગામે દરોડો પાડયો

મહિલા બુટલેગરના ઘરેથી ૩૬ લીટર દેશી દારૂનો જથ્થો પકડયો

ગાંધીનગર, તા.૧૫

જિલ્લાના કલોલ તાલુકામાં આવેલા જામળા ગામમાં એલસીબીની ટીમે દરોડો પાડયો હતો. એક મહિલા બુટલેગરના મકાનમાં દરોડો પાડી ૩૬ લીટર દેશી દારૂનો જથ્થો એલસીબીની ટીમે પકડી પાડયો હતો. દેશી દારૂનો મુદ્દામાલ જપ્ત કરીને મહિલા બુટલેગર સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

જિલ્લા પોલિસ વડા વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી જિલ્લામાં ચાલી રહેલી પ્રોહીબીશન સ્પેશ્યલ ડ્રાઈવ અનુસંધાને એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીત અને તરલ ભટ્ટની ટીમો લીસ્ટેડ બુટલેગરોની હિલચાલ પર વોચ રાખી રહી છે. દરમિયાન બાતમી આધારે ગઈ કાલે એલસીબીની એક ટીમના એએસઆઈ હજારીસિંહ, હેડ કોન્સ્ટેબલ હરીભાઈ, ભવાનસિંહ, અમરતભાઈ અને કોન્સ્ટેબલ હરેન્દ્રસિંહ સહિતના માણસોએ કલોલ તાલુકાના જામળા ગામે દરોડો પાડયો હતો.

જામળામાં નારોલીયાવાસમાં રહેતી મહિલા બુટલેગર કાંતા મંગાજી ગોવાજીના ઘરે દરોડો પાડી તપાસ કરતાં ત્યાંથી ૩૬ લીટર દેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. રૂ. ૭૨૦ની કિંમતનો દારૂનો જથ્થો જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

સે. ૧૨માં ઉમિયા ભવન ખાતે નિઃશુલ્ક સાયન્સ વર્કશોપ યોજાશે

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગરના સેક્ટર-૧૨ ખાતે શ્રી ઉમિયા ભવન હોલમાં આગામી તા. ૨૮મી મેથી તા. ૧લી જૂન દરમ્યાન પાંચ દિવસ ધોરણ ૫ થી ૧૦ના વિદ્યાર્થીઓ માટે સાયન્સ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્કશોપમાં વિદ્યાર્થીઓને રોકેટ, એરોપ્લેન, ડ્રોન રોબોટ્સ, ટેલીસ્કોપ તથા વિજ્ઞાનના મોડેલ પ્રોજેક્ટ બનાવવા સાથે વિજ્ઞાનના પ્રયોગોનું નિદર્શન કરવામાં આવશે. આ વર્કશોપ સેક્ટર-૨૩ ની નિસર્ગ સાયન્સ સેન્ટરના સહયોગથી કરવામાં આવ્યું છે. જેમાં બાળકોને સવારે ૮.૩૦ થી ૧૧.૩૦ કલાક દરમ્યાન નિઃશુલ્ક પ્રવેશ અપાશે. આ વર્કશોપમાં ભાગ લેવા માટે વિદ્યાર્થીઓએ સાંજના ૪ થી ૫ કલાક દરમ્યાન ડૉ. અનિલભાઈ પટેલનો મો. નં. ૯૩૨૭૮ ૩૫૨૧૫ અથવા મયુર પટેલનો મો. નં. ૮૪૦૧૬૧૭૬૬ અને ૯૬૨૫૭૪૧૧૫૭ પર સંપર્ક સાધવા જણાવ્યું છે.

સે. ૨૭માં પીવાનું પાણી ડહોળુ આવતું હોવાની ફરિયાદ

એક તરફ રાજ્ય સરકાર દ્વારા જળસંચય અભિયાન ચલાવાઈ રહ્યુ છે, બીજી તરફ ગાંધીનગરમાં સેક્ટરવાસીઓને પીવાનું પાણી દૂષિત મળી રહ્યું છે તેવી પરિસ્થિતિ સર્જાઈ છે. ગાંધીનગરના સેક્ટર-૨૭માં સ્વસ્તિક સોસાયટીમાં છેલ્લાં કેટલાક દિવસથી પીવાનું પાણી ડહોળું આવતુ હોવાની ફરિયાદ ઉઠવા પામી છે.

ગાંધીનગરના સેક્ટર-૨૭માં સ્વસ્તિક સોસાયટીમાં પીવાનું પાણી દૂષિત આવતુ હોવાની ફરિયાદ વસાહતીઓ દ્વારા કરવામાં આવી રહી છે. આ સમસ્યા અંગે સ્થાનિક વસાહતીઓ દ્વારા સેક્ટર-૨૪ની ઈન્ક્વાયરી ઓફિસ ખાતે પણ રજૂઆત કરી હોવાનું જણાવ્યું છે. સ્વસ્તિક સોસાયટીના પ્લોટ નં. ૧૧૨૫ થી પ્લોટ નં. ૧૧૩૦માં આ ફરિયાદ ઉઠવા પામી છે. જેમાં પીવાનું પાણી ડહોળુ આવતુ હોવાની સમસ્યા સર્જાવા પામી છે. દૂષિત પાણી પીવાથી આ વિસ્તારના રહીશો રોગચાળો ફેલાવાની દહેશત વ્યક્ત કરી રહ્યાં છે. વળી પાણી ડહોળુ હોવા સાથે તેમાં ગટરના પાણી જેવી દુર્ગંધ હોવાનું પણ રહીશો કહી રહ્યાં છે. અત્યારે કાળઝાળ ગરમીની સીઝનમાં જ્યારે પીવાના પાણીનો સવિશેષ વપરાશ થાય છે ત્યારે વસાહતીઓને પીવાલાયક પાણી મળી રહે તેવી માંગ રહીશોમાં ઉઠવા પામી છે.

સુરેન્દ્રનગર હોટેસ્ટ સિટી

અમદાવાદ શહેરમાં આજે પારો ૪૨.૯ રહ્યો હતો. તીવ્ર ગરમીનો અનુભવ આજે પણ લોકોએ કર્યો હતો. દક્ષિણ પૂર્વ રાજસ્થાન અને ઉત્તર પશ્ચિમ મધ્યપ્રદેશ ઉપર સર્જાયેલા અપરએર સાયક્લોનિક સરક્યુલેશનના કારણે આજે આ સ્થિતિ જોવા મળી હતી. આગામી બે દિવસ દરમિયાન ૪૧થી ૪૩ ડિગ્રી સુધી પારો રહી શકે છે. આજે સૌથી વધુ ગરમીનો અનુભવ સુરેન્દ્રનગરમાં થયો હતો જ્યાં મહત્તમ તાપમાન ૪૪ ડિગ્રીની આસપાસ રહ્યું હતું.

ઈન્ટરનેટ અને સ્માર્ટ ફોનના જમાનામાં સંદેશા વ્યવહાર માટેની પોસ્ટ ઓફિસનો શહેરીજનો ઉપયોગ ઓછો કરે છે ત્યારે ઈન્ડિયન પોસ્ટ ડિપાર્ટમેન્ટે પણ પોસ્ટ ઓફિસમાં ડિઝીટલ સેવાઓ આપવા ડિઝીટલ ઈન્ડિયાના ભાગરૂપે 'ડિઝીટલ' નવીનીકરણ સિસ્ટમનું આજે ગાંધીનગર સ્થિત સેકટર-૧૧ મુખ્ય પોસ્ટ ઓફિસમાં લોકાર્પણ કરવામાં આવ્યું હતું. પરિણામે નાગરિકોને હવે પોસ્ટ ઓફિસમાં જ ડિઝીટલ સેવાઓ મળશે.

વૃધ્ધાશ્રમના વડીલોના ચહેરા પર સ્મિત રેલાવતા સર્વ નેતૃત્વ ગૃપના યુવાનો

ગાંધીનગર, તા.૧૫

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન સર્વ નેતૃત્વ ગૃપના યુવાનો દ્વારા ગૃપના સભ્યોના જન્મદિવસ અનોખી રીતે ઉજવવામાં આવે છે. મોટે ભાગે આ યુવાનો પોતાનો જન્મદિવસ સમાજથી તરછોડાયેલા અને વૃધ્ધાશ્રમમાં આશ્રય પ્રાપ્ત

વડીલોના સાંનિધ્યમાં ઉજવવાનું પસંદ કરે છે. આજે પણ આ ગૃપના એક યુવા સ્વયંસેવકનો જન્મદિવસ માણસા ખાતેના આનંદીમાનો વડલો વૃધ્ધાશ્રમ ખાતે ઉજવવામાં આવ્યો હતો.

વૃધ્ધાશ્રમના વડીલોના ચહેરા પર સ્મિત રેલાવવું તે સર્વ નેતૃત્વ ગૃપના યુવાનોને ગમતી પ્રવૃત્તિ છે. આજે આ ગૃપના સભ્યોએ પોતાના સાથી યુવાનના જન્મદિવસની ઉજવણી માણસાના મકાખડ રોડ સ્થિત શ્રી વિઘ્નેશ્વરી ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત આનંદીમાનો વડલો વાન પ્રસ્થાશ્રમ ખાતે કરી હતી. જેમાં તેમણે વડીલોને આનંદપૂર્વક ભોજન કરાવ્યું હતું. આ સાથે તેમણે વડીલો સાથે સમય વિતાવી તેમને આનંદિત કર્યા હતા. આ કાર્યક્રમના આયોજન બદલ વૃધ્ધાશ્રમના ટ્રસ્ટી તથા કર્મચારીઓ પ્રત્યે સર્વ નેતૃત્વ ગૃપના માર્ગદર્શક મિલન પટેલે આભાર વ્યકત કર્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા તન્મય પટેલ, રાહુલ સુખડીયા, ઉમંગ બારોટ, ધર્મેન્દ્રસિંહ જાડેજા, રાહુલ રંગાણી, મૌલિક પટેલ, પાર્થ પ્રજાપતિ, મિતરાજસિંહ પરમાર અને રવિ કોટડીયાએ જહેમત ઉઠાવી હતી.

જિલ્લામાં ચોમાસા દરમિયાન સંભવિત કુદરતી આપત્તિને પહોંચી વળવા વહીવટીતંત્ર સજ્જ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લામાં ચોમાસા દરમિયાન સંભવિત આપત્તિના સામના માટે આગોતરું આયોજન અને વિવિધ વિભાગોની સજ્જતાની સમીક્ષા કરવા જિલ્લા કલેકટર એસ.કે. લાંગાના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ હતી.

સંભવિત આપત્તિના સામના માટે જેટલી આગોતરી સજ્જતા હશે, તેટલી ઝડપી રાહત બચાવની કામગીરી થઈ શકશે અને ઓછામાં ઓછું નુકશાન થાય તે માટે જિલ્લાના તમામ વિભાગોને કંટ્રોલરૂમ કાર્યરત કરી આપત્તિ વ્યવસ્થાપનનો પ્લાન તૈયાર કરવા જરૂરી સૂચનાઓ જિલ્લા કલેકટર એસ.કે. લાંગાએ આપી હતી. જિલ્લાના તમામ વિભાગો સહિત સુરક્ષા એજન્સીઓ વચ્ચે અસરકારક સંકલન પર ભાર મુકી ધનિષ્ઠ આયોજન કરવા જણાવ્યું હતું.

ઘરોઈ ડેમ સહિત જિલ્લાના નદીકાંઠાના વિસ્તારોના ગામોમાં સબંધિત તલાટી અને સરપંચો સાથે અસરકારક સંકલન થાય તથા ગાંધીનગર મહાનગર પાલિકા સહિત ચાર નગરપાલિકાઓ અને કેટલાક સંભવિત ગામોમાં પાણીના નિકાલ માટે ડ્રેનેજ સિસ્ટમની સફાઈ રીપેરીંગ સહિતની કામગીરી પૂર્ણ કરવા જણાવ્યું હતું. લાઈફ જેકેટ, બોટ, જનરેટર સેટ, ફાયર બ્રિગેડ, તરવૈયા સહિતની કામગીરી ઉપરાંત પશુઓના રસીકરણ અને માનવ જીવન રોગચાળાથી અસરગ્રસ્ત ન બને તે માટે કલોરીનેશન સહિતની વિવિધ દવાઓના સ્ટોકની સજ્જતા કેળવી અસરકારક એકશન પ્લાન બનાવી કામગીરી હાથ ધરવા જણાવ્યું હતું. માર્ગ અને મકાન વિભાગ તથા વન વિભાગને વાવાઝોડા સંદર્ભે વૃક્ષો પડી જવાથી રસ્તા બ્લોક થાય તેવા સંજોગોમાં તાત્કાલિક અસરથી વૃક્ષો ખેસડવાની કામગીરી કરવા પણ જણાવ્યું હતું.

આ બેઠકમાં જિલ્લા પોલીસ વડા વિરેન્દ્રસિંહ યાદવ, ઈનચાર્જ જિલ્લા વિકાસ અધિકારી જી.પી. બ્રહ્મભટ્ટ, નિવાસી અધિક કલેકટર એચ.એમ. જાડેજા સહિત વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

જિલ્લા કલેકટર એસ.કે. લાંગાએ ગાંધીનગર જિલ્લામાં ગાંધીનગર, દહેગામ, કલોલ અને માણસા તાલુકામાં ભારે વરસાદના સમયે બચાવ કામગીરી ઝડપી થઈ શકે અને તકેદારીના ત્વરિત પગલા હાથ ધરી શકાય તે માટે વર્ગ-૧ કક્ષાના મહેસુલી અધિકારીઓની લાયઝન અધિકારી તરીકે નિમણુંક કરી છે. જે પૈકી ગાંધીનગર માટે પ્રાંત અધિકારી ઋતુરાજ દેસાઈ, કલોલ માટે પ્રાંત અધિકારી હર્ષ યાદવ, દહેગામ માટે જિલ્લા પુરવઠા અધિકારી દર્શનાબેન રાંક અને માણસા તાલુકા માટે નાયબ કલેકટર જ.સુ (અપીલ), ગાંધીનગર એ.આર. ઝાલાની લાયઝન અધિકારી તરીકે નિમણુંક કરવામાં આવી છે.

એસ.ટી.ના ધાંધીયા - ફરી બસ ખોટવાઈ

ગાંધીનગર કલેટર કચેરી પાસે આજે ઘ-માર્ગ પર બપોરના સુમારે કાળઝાળ ગરમીમાં એસ.ટી. બસ અચાનક જ બંધ પડી જતા મુસાફરો હેરાન પરેશાન થઈ ગયા હતા. કલાકો સુધી બસ બંધ હાલતમાં જ પડી રહી હતી.

ધોરણ-૧૦નું પરિણામ મેના ચોથા સપ્તાહમાં જાહેર કરાશે

પરિણામ જાહેર કરવાને લઇને આજે બોર્ડના અધિકારીઓ તેમજ પરીક્ષા સચિવો સહિતના સત્તાધીશોની બેઠક યોજાશે

ગાંધીનગર,તા. ૧૫

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચમાં લેવામાં આવેલી પરીક્ષાનું પરિણામ જાહેર થવાનું કાઉન્ટડાઉન્ટ શરૂ થઈ ચૂક્યું છે. આગામી તા. ૨૩ મેથી ૨૮ મે સુધીમાં બોર્ડ દ્વારા ધોરણ-૧૦નું પરિણામ જાહેર કરી દેવાય તેવી શકયતા છે, જ્યારે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ તા. ૩૦ મી મે સુધીમાં જાહેર કરાય તેવી સંભાવના છે.

ધોરણ-૧૦ અને ૧૨ સામાન્ય પ્રવાહના પરિણામને લઈ વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ભારે ઉત્તેજના પ્રવર્તી રહી છે. ધોરણ-૧૦ અને ૧૨ સામાન્ય પ્રવાહના પરિણામને લઈ આવતીકાલે બોર્ડના અધિકારીઓ અને પરીક્ષા સચિવ સહિતના સત્તાધીશોની મહત્વની બેઠક પણ યોજાનાર છે.

ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે અમદાવાદ શહેરનું ૭૧.૫૨ ટકા અને અમદાવાદ ગ્રામ્યનું ૭૦.૧૩ ટકા પરિણામ આવ્યું હતું. સમગ્ર રાજ્યમાંથી ધોરણ-૧૦ની પરીક્ષા માટે ૧૧ લાખથી વધુ વિદ્યાર્થીઓ નોંધાયા છે. વિદ્યાર્થીઓને માર્કશીટ પણ પરિણામના દિવસે જ મળી જાય તેવી વ્યવસ્થા બોર્ડ દ્વારા કરાઈ છે. ગત વર્ષે ધોરણ-૧૦ના જાહેર કરાયેલા પરિણામમાં ૭૯.૨૭ ટકા સાથે સુરત જિલ્લો અગ્રેસર રહ્યો હતો.

ગત તા. ૨૯ મે ના રોજ સોમવારે વર્ષ ૨૦૧૭નું પરિણામ જાહેર કરાયું હતું. આ વર્ષે તેનાથી ત્રણેક દિવસ વહેલું પરિણામ જાહેર થવાની શક્યતા છે. સૂત્રોના જણાવ્યા મુજબ આવતી કાલે પ્રિન્ટિંગ અને કમ્પ્યૂટર વિભાગ સાથે પરીક્ષા સચિવ અને બોર્ડના અધિકારીઓની એક મિટિંગ ગાંધીનગર ખાતે મળશે. જેમાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના પરિણામમાં પ્રિન્ટિંગ-માર્કશીટ અંગેનું કેટલું કામ બાકી છે, ક્યારે માર્કશીટ જે તે જિલ્લા કેન્દ્રમાં ડિસ્પેચ થઈને પહોંચી જશે સહિતના મુદ્દાઓની ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવશે. બોર્ડ દ્વારા ઓનલાઈન પરિણામ જોવાની વ્યવસ્થાની સાથે સાથે વિદ્યાર્થીઓ અને વાલીઓને એ જ દિવસે માર્કશીટ મળી જાય તેની મહત્વની વ્યવસ્થા કરવાની હોય છે, તેથી તેનું આયોજન પણ બોર્ડ દ્વારા કરાયું છે.

ગાંધીનગર ખાતે યોજાશે હેકેથોન વિનર્સ મીટ

ગાંધીનગર, તા. ૧૫

રાજ્યભરમાં 'સ્માર્ટ ગુજરાત ફોર ન્યુ ઈન્ડિયા' હેકેથોન-૨૦૧૮નું ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ વિભાગ દ્વારા આયોજન કરવામાં આવેલું. જે અંતર્ગત તા. ૨૪-૨૫ માર્ચ-૨૦૧૮ દરમિયાન ગાંધીનગર ખાતે ભવ્ય સમાપન થયું હતું. જેમાં ૧૧ યુનિવર્સિટીની ૬૨ કોલેજોના ૯૧૭ વિદ્યાર્થીઓની ૧૫૩ ટીમો દ્વારા ૯૦ જેટલા પડકારોના ઉકેલ માટે પ્રોજેક્ટ્સ રજૂ કરાયા હતા. આ હેકેથોન-૨૦૧૮માં વિજેતા થયેલા, ઉપરાંત નેશનલ હેકેથોનમાં વિજેતા થયેલા અને હેકેથોનમાં શ્રેષ્ઠ સહયોગી બનેલા વિભાગો અને સંસ્થાઓને મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે તા.૧૬, મે-૨૦૧૮ના રોજ બપોરે ૧૨-૩૦ કલાકે પારિતોષિક એનાયત કરીને સન્માન કરાશે.

મુખ્યમંત્રી શ્રી રૂપાણીના મુખ્ય મહેમાન પદે ગાંધીનગર ખાતે નવા સચિવાલય સ્વર્ણિમ સંકુલ, નર્મદા હૉલ ખાતે સ્ટુડન્ટ સ્ટાર્ટ અપ અને ઈનોવેશન પોલીસી સેલ અને ગુજરાત નોલેજ સોસાયટી દ્વારા યોજાનારા આ પારિતોષિક વિતરણ સમારોહ અને હેકેથોન વિનર્સ મીટમાં અતિથિ વિશેષપદે નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ ઉપરાંત શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને શિક્ષણ રાજ્ય મંત્રી શ્રીમતી વિભાવરીબેન દવે ઉપસ્થિત રહેશે. વિવિધ પડકારોના ઉકેલ માટેની એવોર્ડ વિજેતા કૃતિઓ પણ આ તકે સાબરમતી હૉલ ખાતે બપોરે ૧૨ વાગ્યાથી સાંજના પાંચ વાગ્યા સુધી પ્રદર્શિત કરાશે.

ટાઉન પ્લાનીંગ કામગીરી ગતિશીલ-પારદર્શી ભ્રષ્ટાચાર રહિત બનાવવાની પ્રતિબધ્ધતા

ગાંધીનગર, તા. ૧૫

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની અધ્યક્ષતામાં રાજ્યમાં ટાઉન પ્લાનીંગની કામગીરીને ગતિશીલ અને સચોટ બનાવવાના અભિગમ રૂપે ટી.પી. સ્કીમ અંગે ઉચ્ચસ્તરીય બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રીએ શહેરીકરણ અને શહેરી વિકાસ આયોજન ક્ષેત્રે ગુજરાત રોલ મોડેલ બની રહે તેવી નેમ સાથે આ બેઠકમાં મહત્વપૂર્ણ નિર્ણયો કર્યા છે.

મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને આ મહત્વપૂર્ણ બેઠકમાં નિર્ણય કરવામાં આવ્યો છે કે, રાજ્યમાં ટાઉન પ્લાનીંગ ઓફિસર પાસે પ્રગતિમાં હોય તેવી અંદાજે ૪૨૫ જેટલી ટી.પી. સ્કીમ ઝડપથી પૂર્ણ કરવા ઝૂંબેશ ચલાવવામાં આવશે.

રાજ્યમાં વધુ પ્રમાણમાં ટી.પી. સ્કીમની કાર્યવાહી થઈ રહી છે તેવાં અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ મહાનગરોમાં ત્વરિત નિર્ણાયકતા માટે સિનીયર ટાઉન પ્લાનર કક્ષાના અધિકારીની નિયુકિત કરવાનો મહત્વનો નિર્ણય પણ આ બેઠકમાં લેવામાં આવ્યો હતો.

મુખ્યમંત્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, ટી.પી. સ્કીમમાં લાંબા સમય સુધી રજૂઆતોને કારણે જે વિલંબ થાય છે તે અટકાવવા ટાઉન પ્લાનીંગ એકટની જોગવાઈઓ અનુસાર એક માસ સુધીના જ વાંધાઓ ધ્યાને લેવાશે. સમયાવધિ બાદ મળેલા વાંધા-સૂચનો કે રજૂઆતો હવે ધ્યાને લેવાશે નહિ.

મુખ્યમંત્રી શહેરી વિકાસ વિભાગનો હવાલો પણ ધરાવે છે અને રાજ્યશાસનનો કાર્યભાર સંભાળ્યો ત્યારથી જ તેઓ સુદ્રઢ-સુવ્યવસ્થિત શહેરી વિકાસ આયોજનમાં ભ્રષ્ટાચાર રહિત પારદર્શીતાની નેમ સાથે સમગ્ર તંત્રનું સતત માર્ગદર્શન કરતા રહ્યા છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

ટચૂકડી જાહેર ખબર

પ્રિન્ટર કાર્ટીઝ રીફીલીંગ તથા રીપેરીંગ કરી આપવાની સેવા પુરી પાડવા અંગે નિયામક, અનુસુચિત જાતિ કલ્યાણ ખાતાની કચેરી ખાતે ઉપલબ્ધ પ્રિન્ટર એચ.પી. એમ૨૦૨ડીડબલ્યુ, એચ.પી.૧૦૨૦, સેમસંગ-૩૪૦૧ની કાર્ટીઝ રીફીલીંગ કચેરી ખાતે જ કરી આપવા માટેના ભાવો બંધ કવરમાં તા. ૨૩/૫/૨૦૧૮ના રોજ ૧૫.૦૦ કલાક સુધી નિયામકશ્રી અનુસુચિત જાતિ કલ્યાણ, બ્લોક નં.૪, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર કચેરી ખાતે મોકલી આપવાના રહેશે.

સ્થળ : ગાંધીનગર
તારીખ : ૦૫/૦૫/૨૦૧૮
સહી/-
નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
માહિતી/૪૦૭/૧૮-૧૯